આરોપીનું નામ : વિનોદકુમાર સેવાલાલ ગુપ્તા,   વિ.વ.શ્રી.એસ.એમ.ચાવડા

**–: ઠરાવ :–**

૧. આરોપીને આજ રોજ કોર્ટમાં હાજર તેની સામે ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપી/ઓએ ગુનો કબુલ કરેલ છે. જે કબુલાત પુરસીસ આરોપી/ઓને તેની સામેના ગુનાની સજાની જોગવાઇ અને દંડની સમજ કરેલ તેમ છતા આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છાએ કબુલ કરે છે અને જણાવે છે કે, તેઓ ગરીબ અને બાલબચ્ચાવાળા માણસ છે. કુટુંબની સઘળી જવાબદારી તેમના શીરે છે જો તેઓને વધુ સજા કરવામાં આવે તો તેમના પરીવારનાં જીવન નિર્વાહ ભયંકર સમસ્યા ઉભી થાય છે. તેઓ એક માત્ર પરિવારની આજીવીકા કમાનાર છે ભવિષ્યમાં આવો ગુનો નહી કરે તેની ખાત્રી આપે છે. તેથી રહેમ બતાવી નામદાર કોર્ટને યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

૨. આરોપીની ઉકત કબુલાત જોતાં તેઓએ અત્યંત ગરીબવર્ગનાં ઈસમ છે. તેઓનાં પરીવારમાં તેઓ એકમાત્ર કમાનાર સભ્ય છે તેઓ વિના તેમનાં પરીવારની આજીવીકાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે તેમજ તેમના પરીવારનાં ભરણપોષણ અને નિર્વાહની સમસ્યા બની રહે તેમ છે. હાલનાં કેસમાં આરોપી અત્યંત ગરીબવર્ગના છે અને તેઓનાં પરીવારની સઘળી જવાબદારી તેઓનાં શીરે છે.

૩. આરોપીની કબુલાત સ્વૈચ્છીક હોઈ તે નહી માનવા માટે કોઈ કારણ નથી આરોપી અત્યંત ગરીબવર્ગનાં માણસ છે તેઓનાં પરીવારની સઘળી જવાબદારી તેઓનાં શીરે છે. સદરહું આરોપીની રજુઆત લક્ષમાં લઈ તથા ઉક્ત સઘળા સંજોગો અને પરિસ્થિતીઓ ધ્યાને લઈ તથા નામદાર ગજરાત હાઈકોર્ટનો ૨૦૦૫(૧) જી.એલ.આર ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરીચન્દ્રજી ઠાકોરનો ચુકાદો

ધ્યાને લઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આરોપી : વિનોદકુમાર સેવાલાલ ગુપ્તા, ઉ.વ.પુખ્ત, રહેઃ ઓઢવ, અમદાવાદનાઓને રેલ્વે એકટની કલમ ૧૪૩ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રુપિયા ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન ૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. (કુલ દંડની રકમ રૂા.૫૦૦૦/–)

૨. મુદામાલ સબંધે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે. અને જો વચગાળાનો હુકમ થયેલ ન હોય તો મુદદામાલની ખરાઈ કરી ત.ક. અધિકારીશ્રીએ મુદદામાલ મુળ માલિકને પરત સોંપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ **તા.૧૮મી, માંહે–એપ્રિલ, સને–૨૦૨૬** ના રોજ શનીવારની કાયમી લોકઅદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૮/૦૪/૨૦૨૬
અમદાવાદ

(જીતેશ વિષ્ણુપ્રસાદ જોષી)
ચોથા એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૫, અમદાવાદ શહેર.
યુનિક કોડ નં.જીજે૦૦૯૨૭